# તા.૧૯.૦૨.૨૦૨૪ નાં રોજ

## માન. ધારાસભ્યશ્રી કિરીટકુમાર કે. પટેલ (૨૧-ઊંઝા) દ્વારા

## સન ૨૦૨૪-૨૫ના વર્ષના અનુદાનો માટેની માંગણી નંબર -૪ પરની ચર્ચા પશુપાલન અને ડેરી વિકાસ

માનનીય અધ્યક્ષશ્રી,

- પૃથ્વીનિર્માણની ઘટનાથી અવિરત ચાલ્યા આવતા પશુપાલન વ્યવસાયના સંદર્ભમાં ગુજરાત રાજ્યની વાત કરું તો આજે રાજ્યમાં અનેક સુશિક્ષિત યુવાનો પણ શહેરનો મોહ ત્યજીને પોતાના વતનમાં જ પશુપાલન વ્યવસાય કરતા થયા છે.
- તત્કાલીન મુખ્યમંત્રી અને આજના આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ દ્વારા દુરંદેશીથી અમલમાં મુકેલ અનેકવિધ નવીન પહેલોનું અને છેલ્લા બે દાયકામાં રાજ્ય સરકારની કામગીરીનું પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- રાજ્યના પશુપાલકો ઉત્તમ પશુઓ રાખવા પ્રેરિત થાય તથા પશુપાલન વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવતા થાય અને ઉત્તમ પશુઓ રાખતા પશુપાલકોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્યના પશુપાલન પ્રભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમો પ્રતિ વર્ષ આયોજિત કરવામાં આવે છે. આવા કાર્યક્રમો માટે વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સુચવેલ જોગવાઈનાં સમર્થનમાં મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

- પશુઓના શુધ્ધ સંવર્ધનને પ્રોત્સાહન આપવા તેમજ સ્થાનિક ઓલાદના ઉત્તમ પશુઓ પાળનાર પશુપાલકોની માવજતને બિરદાવી અન્ય પશુપાલકો પણ તેમના પશુઓને ઉત્તમ માવજત પૂરી પાડવા પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં આવેલ તરણેતર ખાતે પશુ પ્રદર્શન હરીફાઈનું આયોજન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- પુરસ્કાર એ પ્રોત્સાહન માટેનું અગત્યનું પરિબળ છે. શુદ્ધ સંવર્ધન, દૂધ ઉત્પાદન અને મુલ્ય વૃધ્દ્ધિ (Value Addition), ડેરી ઉદ્યોગમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ, ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ફાર્મિંગ, વાછરડી/પાડીનો આદર્શ ઉછેર તથા પશુ પોષણ, પશુ રહેઠાણ, પશુ સંવર્ધન, પશુ સ્વાસ્થ્ય અને પશુ માવજતમાં ઉચ્ચ કોટિના અભિગમ અપનાવનાર પશુપાલકોને પ્રોત્સાહન આપવા માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર આપવાની યોજના પણ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

  મારા મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૪૪ પશુપાલકોને કુલ રૂ.૩ લાખ ૫૦ હજારનાં પુરસ્કાર આપવામાં આવ્યા છે. અને સમગ્ર રાજ્યમાં આશરે ૫૬૫ જેટલા શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- રાજ્યની પ્રગતિશીલ મહિલા પશુપાલકો "શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર" મેળવીને અન્ય મહિલા પશુપાલકોને પ્રેરણા પુરી પાડી રહેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય કક્ષાના પ્રથમ ત્રણ પુરસ્કારમાં મહિલાઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને રાજ્યના પશુપાલન અને ડેરી ક્ષેત્રનાં વિકાસમાં નારીશક્તિનાં સામર્થ્ય અને યોગદાન માટેનું ઉત્તમ દ્રષ્ટાંત ઉભું કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- આપ જે સંસ્થાનું અધ્યક્ષ પદ શોભાવી રહ્યા છો, તે દેશની સૌથી મોટી બનાસ ડેરીમાં આપના કુશળ માર્ગદર્શન અને વહીવટ થકી એક દિવસનું ૯૦ લાખ લીટર જેટલું દૂધ સંપાદન પણ નોંધાય છે અને બનાસ ડેરીમાં ઘણી મોટી સંખ્યામાં મહિલા સભાસદો વર્ષે ૫૦ લાખથી વધુ રકમનું દૂધ જમા કરાવી આર્થિક રીતે વધુ સક્ષમ અને સમાજ માટે પ્રેરણાદાયી બની છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- રાજ્યમાં પશુપાલન શિબિરના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને પશુ સ્વાસ્થ્ય, પશુ સંવર્ધન, પશુ રહેઠાણ, પશુ પોષણ તેમજ વિવિધ ઋતુઓમાં પશુઓની સારસંભાળ અંગેની વિગતવાર સમજ આપવામાં આવે છે અને પશુપાલકોને વિવિધ સહાયકારી યોજનાઓથી માહિતગાર કરવામાં આવે છે.
    - છેલ્લા બે વર્ષમાં મારા મહેસાણા જિલ્લામાં ૨૦ તાલુકા અને ૪ જિલ્લા શિબિરમાં ૭૭૦૦ થી વધુ પશુપાલકોએ લાભ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ અને ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે મહિલા સશક્તિકરણની દિશામાં વધુ એક પગલું ભરી, સ્વ-સહાય જૂથોના મહિલા સભ્યોને કૃત્રિમ બીજદાન, રસીકરણ અને ઈયર ટેગીંગની તાલીમ આપી A-HELP (એ-હેલ્પ) તરીકે તૈયાર કરવાની કામગીરી ગુજરાત રાજ્યમાં પણ શરૂ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે ખુબ મોટી સંખ્યામાં મોટા દુધાળા પશુઓને અને ઘેટાં બકરાં વર્ગના પશુઓને કૃમિનાશક સારવાર હેઠળ આવરી લઇ રાજ્યના પશુપાલકોને પશુઓના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૃધ્દ્ધિ કરવા સહાયરૂપ થવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. જે બદલ હું રાજ્ય સરકારને આપનાં માધ્યમથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

- એ જ પ્રમાણે વિવિધ રોગ સામે પશુઓમાં રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે માટે સમયાંતરે જરૂરી રસીકરણની કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી રાજ્યના પશુપાલકોની આવકમાં વધારો કરવા રાજ્ય સરકાર કટીબધ્દ્ધ છે. રાજ્યમાં કેન્દ્ર સરકારશ્રીની ૧૦૦% સહાયથી આ વર્ષે લાખો ગાય-ભેંસને ખરવા-મોવાસા રોગ સામે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત "રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ (NAIP)" અંતર્ગત આપણા રાજ્યમાં અત્યાર સુધીમાં ચાર તબકકાઓમાં ખુબ જ સારી કામગીરી થઇ છે. જે માટે પણ રાજ્ય સરકારનાં પશુપાલન પ્રભાગને આપના માધ્યમથી અભિનંદન આપું છું.
- રાજ્યમાં કૃત્રિમ બીજદાનનો વ્યાપ વધારવાની સાથે પશુઓમાં "જાતિય આરોગ્ય કેમ્પ" નું આયોજન કરી રાજ્ય સરકાર પશુપાલન વ્યવસાયને વધુ નફાકારક બનાવવા માટે પણ સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- પશુઓનાં આરોગ્ય અને સંવર્ધનની સાથે પશુઓનાં પોષણ અંગેની પણ આ રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે, ત્યારે રાજ્ય સરકારશ્રી દ્વારા પશુપાલકોનાં પશુઓ માટે ખાણદાણ ખરીદી માટે સહાય પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સુચવેલ રૂ. ૫૪ કરોડની જોગવાઈને મારું સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- વર્ષ ૨૦૦૨ થી શરૂ થયેલ રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૭૬,૬૦૦ થી વધુ પશુ આરોગ્ય મેળાઓના આયોજન દ્વારા ૩.૧૦ કરોડથી વધુ પશુઓને ની:શુલ્ક પશુસારવાર આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- કોઈ પણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી વર્ષ ૨૦૧૪-૧૫ થી "મુખ્યમંત્રી ની:શુલ્ક પશુસારવાર યોજના" સમગ્ર રાજ્યમાં અમલમાં મુકી છે.

- રાજ્ય સરકાર દ્વારા "૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના" હેઠળ કુલ ૫૩૦૦ થી વધુ ગામોને આવરી લઈ ૪૬૦ મોબાઈલ પશુદવાખાનાકાર્યરત કરવામાં આવ્યા છે. આ ફરતાં પશુ દવાખાના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૬૧ લાખથી વધુ પશુસારવાર પુરી પાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- ખેડુતોને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો સંકલ્પ પરિપૂર્ણ કરવા તથા પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧૨ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુની ખરીદી પર વ્યાજ સહાય, પશુ વીમા સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાય પુરી પાડી પશુપાલન પ્રવૃતિને રોજગારી સાથે જોડવાનાં ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૧૮-૧૯ માં રાજ્ય સરકારે નવતર શરૂઆત કરી હતી. આ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં ૫૯૦૦ થી વધુ પશુપાલકોને રૂ. ૧૫૯ કરોડ ૩૪ લાખથી વધુ સહાય રાજ્ય સરકાર દ્વારા પુરી પાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- "રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન" મુખ્યમંત્રી નિ:શુલ્ક સારવાર "દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું "ધનિષ્ઠ રસીકરણ અને સઘન કૃમિનાશક સારવાર ઝુંમેશ" તેમજ પશુ સારવાર સંસ્થાઓ ખાતે આધુનિક સાધનોની સગવડો ઉપલબ્ધ કરાવવાના રાજ્ય સરકારના અભિગમનાં પરિણામ સ્વરૂપે રાજ્યમાં પશુઓમાં થતાં ચેપી રોગચાળાની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે.
- રાજ્યમાં પશુ ચિકિત્સા સેવાને વધુ સઘન બનાવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં નવા ૪૦ પશુ દવાખાના સ્થાપવામાં આવ્યા અને વર્ષ ૨૦૨૩-૨૪ માં

પણ રાજ્યમાં ૧૫૦ નવીન પશુ દવાખાના સ્થાપવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- કામધેનુ યુનિવર્સીટી માટેની વિવિધ યોજનાઓ માટે કુલ રૂ. ૩૧૨ કરોડ ૧૫ લાખની જોગવાઈને પણ મારું સમર્થન છે.
- આમ કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસો દ્વારા ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ વિવિધ સગવડો તેમજ રાજ્ય સરકારની વિવિધ વ્યક્તિલક્ષી/સંસ્થાલક્ષી યોજનાઓનો લાભ ઉઠાવીને રાજ્યનો પશુપાલન વિભાગ તથા રાજ્યના પશુપાલકો રાષ્ટ્રીય ક્ષેત્રે પણ નામના મેળવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- જુલાઈ ૨૦૨૨માં ન્યુ દિલ્હી ખાતે બે દિવસીય "ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ-૨૦૨૨" નું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત રાજ્યને "પશુપાલન સંબધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્ય" (Best State in AH Infrastructure) નો એવોર્ડ એનાયત થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આમ માન. મંત્રીશ્રી સન ૨૦૨૪-૨૫ના વર્ષના અનુદાનો માટેની જે માંગણી લઈને આવ્યા છે તેને હું મારૂ સમર્થન આપું છું.

આભાર, જય જય ગરવી ગુજરાત.

----XXXX----